ફેબ્રુઆરી – ૨૦૧૭

# આપણી વાત

-સંકલન: પ્રફુલ્લ રાવલ

તા. ૫-૧-૨૦૧૭ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી મનહર ઓઝાએ 'કંકુડી" વાર્તાનું પઠન કર્યું હતું. કુંવારી કંકુડીએ પરિણીત મંગાનું ઘર માંડયું તે ઘટના ગામના લોકો માટે ચર્ચાનો વિષય બની ગઈ હતી. ખાસ તો જે યુવાનો તેની સાથે પરણવાનાં સપનાં જોતાં હતાં તેના માટે કંકુડીનું આ પગલું સમજણ બહારનું હતું. વાર્તામાં પ્રયોજાયેલી ઉત્તર ગુજરાતની બોલીના પ્રયોગને ભાવકોએ પસંદ કર્યો હતો. વાર્તાનું તે જમા પાસું હતું. વાર્તાના અંતમાં થતો ખુલાસો વાર્તાની નબળી કડી હતી. તે સંદર્ભે વાર્તા રસિકોએ સૂચનો કર્યા હતાં.

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના 'ગ્રંથગોષ્ઠિ' અંતર્ગત તા. ૧૭-૧-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રી રૂપાલી બર્કએ શ્રી હિમાંશી શેલતની આત્મકથા "મુક્તિવૃત્તાંત' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે પ્રારંભે સૌનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. શ્રી પારુલ કંદર્પ દેસાઈએ ક. લા. સ્વાધ્યાયમંદિરની પ્રવૃત્તિઓ અને ગ્રંથગોષ્ઠિના કાર્યક્રમના પરિચયની સાથે વક્તાશ્રી રૂપાલી બર્કનો પરિચય કરાવ્યો હતો. શ્રી રૂપાલી બર્કએ "મુક્તિવૃત્તાંત' વિશેના વક્તવ્યમાં કહ્યું હતું કે આત્મકથા-સાહિત્ય એ સર્જનાત્મક સાહિત્ય કરતાં થોડું ઊતરતી કક્ષાનું સાહિત્ય છે. તેમણે "મુક્તિવૃત્તાંત'ને આત્મકથા તરીકે નહિ પણ આત્મકથન કહીને ઓળખાવી હતી. આંતરિક અને બાહ્યકથનના સંવાદની વાત પણ કરી હતી. આમ તેમણે આત્મકથાના સ્વરૂપની ચર્ચા કરતાં કહ્યું હતું કે, "મુક્તિવૃત્તાંત' આત્મકથા કરતાં સંસ્મરણકથા વધુ છે." આત્મકથામાં સંસ્મરણો હોય, પરંતુ તેમાં ઐતિહાસિક પરિપ્રેક્ષયવાળું અને સંશોધનાત્મક લખાણ હોય જ્યારે સંસ્મરણકથામાં અનૌપચારિક છતાં અંગત અનુભવો હોય. "મુક્તિવૃત્તાંત' કબૂલાત જેટલું ગંભીર પણ નથી અને કાલ્પનિક સાહિત્ય જેટલું ઊંચું પણ નથી તેથી એ બંને સ્તંભોની વચ્ચે આવે એવી એક કૃતિ છે. કૃતિના લેખનમાં પ્રવાહિતા નથી, તેમાં અલપ- ઝલપ ઘટનાઓ ચાલ્યા કરે છે. જે તમને વિચારોની પ્રવાહિતા વિશે ખ્યાલ આપે છે. આ પ્રસંગે ઉપસ્થિત સાહિત્યના ભાવકોમાં સર્વશ્રી રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, કિરીટ દૂધાત, લાલુભા, પ્રકાશ ન. શાહ, હર્ષદ ત્રિવેદી, પારુલ કંદર્પ દેસાઈ વગેરેએ કૃતિની વિગતે ચર્ચા કરી હતી.

તા. ૧૬-૧૨-૨૦૧૬ના દિને વડોદરાની સાહિત્યિક સંસ્થા 'અક્ષરા' અને 'ગુરુકુળ વિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવતા શિક્ષકો માટે, ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ના પાઠયપુસ્તકોમાં સામેલ નિબંધોને કેન્દ્રમાં રાખી 'નિબંધનું સ્વરૂપ અને પ્રકાર' વિષય પર કાર્યશિબિર યોજવામાં આવ્યો હતો. જેમાં શિરીષ પંચાલે બીજરૂપ વક્તવ્ય આપતાં વિશ્વસાહિત્યમાં નિબંધસાહિત્યના આરંભકાળથી શરૂ કરી આજ સુધીમાં ગુજરાતી ભાષામાં ખેડાતા રહેલા નિબંધના પ્રકારો અને મુખ્ય સર્જકોના યોગદાનની વાત કરતાં પાઠયપુસ્તકોમાં સમાવિષ્ટ નિબંધોની લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ દર્શાવી હતી.

ગુજરાત સાહિત્યસભા તરફથી ૨૦૧૫ના વર્ષ માટેનો રણજિતરામ સુવર્ણચંદ્રક શ્રી કુમારપાળ દેસાઈને અર્પણ કરવાનો સમારંભ તા. ૭-૧-૨૦૧૭ના રોજ સાંજે ૫.00 કલાકે ગુજરાત વિશ્વકોશમાં યોજાયો હતો. જેમાં શ્રી રઘુવીર ચૌધરીના હસ્તે શ્રી કુમારપાળ દેસાઈને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો.

બાળસાહિત્ય તથા બાળસાહિત્યકારોનાં હિત, વિકાસ અને ગૌરવ માટે ૧૯૯૪થી સક્રિય બાલસાહિત્ય અકાદમીનું સત્તરમું અધિવેશન તા. ૮-૧-૨૦૧૭ને દિવસે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે, ભાવનગરની વિખ્યાત શિક્ષણસંસ્થા શિશુવિહારના સંચાલક ડો. નાનક ભટ્ટને અધ્યક્ષસ્થાને મળ્યું હતું. જેમાં છેક વલસાડથી માંડીને સોમનાથ સુધીના સર્જકો ઉપસ્થિત રહ્યા હતા.

ગિરાગુર્જરી પારિતોષિક સ્પર્ધા ૨૦૧૬નાં પરિણામો નીચે પ્રમાણે છે.

નવલકથા : પ્રથમ પારિતોષિક, 'અશ્રુત શ્રુતિ' પુષ્પા મહેતા-પારેખ, દ્વિતીય પારિતોષિક "સમય પરચો સમયાતીત'.

કાવ્ય : પ્રથમ પારિતોષિક "અનકોટ" ભાસ્કર ભટ્ટ, 'હવા પર ઉડ્ડયન" હેમંત કારિયા દ્વિતીય પારિતોષિક "કાવ્યાલ્પ' અલ્પા વસા, 'પુષ્પ દ્વીપ' આરતી સૈયા.

નિબંધ : પ્રથમ પારિતોષિક "માધુર્યસૃષ્ટિ' પૂર્ણિમા શેઠ, 'નિબંધનિર્ઝર' ડૉ. આશા મણિયાર; દ્વિતીય પારિતોષિક "મારી મંઝિલ' જ્યોતિ ઓઝા, 'પારિજાત' આરતી સૈયા.

નવલિકા : પ્રથમ પારિતોષિક "પળનો પડછાયો' નીલા સંઘવી, "મારું આકાશ ક્યાં ?' ડૉ. કલ્પના દવે; દ્વિતીય પારિતોષિક "ઘટસ્ફોટ' કિરણ કાણકિયા, "મન તરંગ' સરલા શાહ.

સંસ્કૃતિ-વિવેચન : પ્રથમ પારિતોષિક “લગ્નવિચ્છેદ’ ડૉ. હેમલત્તા જોશી; દ્વિતીય પારિતોષિક “પુષ્ટિમાર્ગ-સંત કવિઓ’ નેહા આચાર્ય, ‘જીવન એક કવિતા’ મૃદુલા દેસાઈ

બધા જ પારિતોષિક વિજેતાઓને અભિનંદન.